Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/૨૦૨૪/ ૨૨૨૯

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૨/૦૨/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
જિ.સુરત.

આ સાથે સામેલ તા.૨૧/૦૨/૨૦૨૪નાં પત્ર અન્વયે આપની કક્ષાએથી ચુસ્તપણે અમલ કરવા સારું..

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ખૂબ જ અગત્યનુ/તાત્કાલિક


# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,

સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID :- swo-sur@gujarat.gov.in ફોન નં. ૦૨૬૧ - ૨૪૬૪૪૩૦


નં.-ના.નિ.અજાક/પો.મેટ્રીક/૨૦૨૩-૨૪/ ૫૨૮૦થી ૫૩૯ તા.21/02/2024

પ્રતિ

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૨) રજીસ્ટ્રારશ્રી,ઓરો યુનિવર્સીટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ
(૩) રજીસ્ટ્રારશ્રી,ભગવાન મહાવીર યુનિવર્સીટી
(૪) રજીસ્ટ્રારશ્રી,પી પી સવાણી યુનિવર્સીટી
(૫) રજીસ્ટ્રારશ્રી,સાર્વજનિક યુનિવર્સીટી
(૬) રજીસ્ટ્રારશ્રી,ઉકા તરસાડીયા યુનિવર્સીટી
(૭) રજીસ્ટ્રારશ્રી, વનિતા વિશ્રામ વુમેન્સ યુનિવર્સીટી
(૮) રજીસ્ટ્રારશ્રી,વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી
(૯) રજીસ્ટ્રારશ્રી,વિદ્યાદીપ યુનિવર્સીટી
(૧૦) આચાર્યશ્રી,આઇ.ટી.આઇ.સુરત

વિષય:- વર્ષ - ૨૦૨૩-૨૪ ની ડિજીટલ ગુજરાત પોર્ટલમાં આચાર્ય લેવલ પરની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિની પડતર અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવા બાબત

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ 2023-24 ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ઘણી દરખાસ્તો ડિજીટલ ગુજરાત પોર્ટલમાં આચાર્ય લેવલ પર પડતર રહેલ છે તેવું જણાયેલ છે.

અત્રેની કચેરી દ્વારા સુરત જિલ્લાની તમામ યુનિવર્સીટીમા મીટીંગ નું આયોજન કરી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત દ્વારા યોજેલ જીવનભારતી શાળામાં સેમીનાર નું આયોજન કરી આ બાબતે જે તે યુનિવર્સીટી સલગ્ન તમામ કોલેજ / સંસ્થા/શાળા ને તા-31/12/2023 સુધીમાં તાત્કાલીક પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની અરજી DIGITAL GUJARAT PORTAL મારફત online મોકલવી તથા હાર્ડ કોપી ચેક લીસ્ટ મુજબ તમામ જરૂરી સાધનિક કાગળો સહિત ઘટતિ કાર્યવાહી કરી અત્રેની કચેરી ને રજૂ કરવા જણાવેલ છતાં આજદિન સુધી ઘણી શાળા / કોલેજોની ઓનલાઇન તેમજ હાર્ડ કોપીમાં તમામ વિદ્યાર્થીઓની અરજી સમયમર્યાદામાં મોકલવામા આવેલ નથી. જે શાળા/ કોલેજોની કામગીરી બાકી હોય તેઓને તાત્કાલીક પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની અરજી DIGITAL GUJARAT PORTAL મારફત online મોકલવી તથા હાર્ડ કોપી ચેક લીસ્ટ મુજબ તમામ જરૂરી સાધનિક કાગળો સહિત તા-26/02/2024 સુધીમાં ઘટતિ કાર્યવાહી કરી ને આપના તાબા હેઠળની તમામ શાળા/કોલેજોને આપ સાહેબશ્રીની કક્ષાએથી અત્રેની કચેરીને રજૂ કરવા જણાવવા વિનંતી છે.

વધુ માં જણાવવાનું કે જે કોઇ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અત્રેની કચેરી દ્વારા રિજેક્ટ કે પૂર્તતા માટે પરત કરવામા આવેલ છે. તેની યોગ્ય પૂર્તતા કર્યા બાદ જ અરજી ઓનલાઇન મોકલવાની રહેશે ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ વર્ષ : 2023-24 ની કામગીરી પૂર્ણ કરવા વિનંતી અને જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તીના લાભથી વંચિત રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે શાળા/કોલેજ ના આચાર્યશ્રીની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

બિડાણ – ચેક લીસ્ટ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ,
સુરત

સવિનય નકલ રવાના-
માન: નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ જાણ સારૂ